# ક્રીકસાઈડ

**--સુચી વ્યાસ**

એયને છેક ફીલાના છેવાડે, ફ્રેન્કલીન મોલ પછી ડાબી બાજુએ છેલ્લાં ૩૦ વર્ષથી ક્રીકસાઈડ અનેક ગુજરાતીઓનું -દેશીઓનું નીવાસસ્થાન બની ગયું છે. તમે જો એરઈંડીયામાં દેશમાંથી ન્યુયોર્ક આવતા હો ત્યારે વાતુ વાતુમાં સાંભળ્યું જ હશે "ક્યાં જાઓ છો? ઓહ, ફીલા જાવ છો? એમ! ક્યાં રે'વાનું છે ફીલામાં? અમારો ભાઈ ન્યાં ક્રીકસાઈડમાં જ રહે છે" "લ્યો કરો વાત! અમારા મામાનો દીકરો ભાઈ ત્યાં જ રહે છે."

ક્રીકસાઈડ ખાલી ફીલામાં જ જાણીતું નથી...એ તો છેક આકાશમાં ઉડતાં ઉડતાં પણ કાને પડે એવું રુડું ને રંગીલું રહેણાકનું સ્થાન છે. અમેરીકામાં આવાં અનેક રહેણાંકનાં સ્થાનો છે. એડીસન જાઓ અને 'હીલટોપ' કાને ન પડે એવું બને જ નહીં. એમ થાય તો તમારો ફેરો અફળ ગયો માનવો!

કોઈ પણ સ્થાન મગજમાં વસી જાય ત્યારે એમાં તેની સાથે સંકળાયેલી અમુક વ્યક્તીઓ મુખ્ય ભાગ ભજવે છે. ક્રીકસાઈડના બેતાજ બાદશાહ ઉષાકાન્ત રીંડાણી અને તેમના કુટુંબીજનો છે. રીંડાણી કુટુંબ છેલ્લાં ૨૦ વર્ષથી ક્રીકસાઈડમાં રહે છે. કાનમાં એક વાત કહું? તમારી તાકાત નથી કે ઉષાકાન્તભાઈ અને તેમની ત્રણ બહેનો -બાળાબેન, વીરબાળાબેન અને પુષ્પાબહેનની રજા વગર તમે ક્રીકસાઈડમાં પગ મુકી શકો.

બાળાબહેન-વીરબાળાબહેન વાય.ડબલ્યુ.સી.એ. દ્વારા અઠવાડીયાના સાતે સાત દીવસ બાળકો અને વડીલો માટે વીધ-વીધ પ્રવૃત્તીઓ કરે છે. નાનાં બાળકોને ગુજરાતી વાંચતાં લખતાં શીખવાડે છે. અત્યાર સુધીમાં પચાસ બાળકો કડકડાટ વાંચતાં લખતાં શીખી ગયાં છે. અંગ્રેજીનું ડીંટીયું પણ આવડતું ન હોય તેવા વૃદ્ધો કે યુવાનોને અંગ્રેજી શીખવે છે. અત્યાર સુધીમાં મોટી ઉમ્મરના પીસ્તાલીસ સ્ત્રી-પુરુષોને અમેરીકન નાગરીકત્વની પરીક્ષાઓમાંથી પાસ કરાવ્યાં છે. બાળાબહેનના શબ્દોમાં જ કહું તો," આ ક્રીકસાઈડમાં હું 'બાળાબા' તરીકે ઓળખાઉં છું. અમે ત્રણેય બહેનો અને ભઈલો હવે ઘરડાં થઈ ગયાં છીએ. ગ્રોસરી, લોન્ડ્રી, શાકભાજી માટે પ્રોડ્યુસ જંક્શન એ બધે ચાલતાં જ જઈ શકાય છે. કોઈની સાડાબારી નથી. આડોશપાડોશનાં લોકો ભાવથી મદદરુપ બની રહે છે. વળી ગુજરાતી સીવાયનાં જાપાનીઝ, રશીયન અને આરબ લોકો પણ ભાઈચારો દેખાડે છે.મારાં માતુશ્રીએ આ જ ઘરમાં દેહ છોડ્યો છે. અને એમ જ હું પણ ક્રીકસાઈડના પ્રેમમાં અહીંયાં જ, મારી જીંદગીની છેલ્લી કર્મભુમી ઉપર, દેહ છોડીશ- મને એ બાબત ખુબ જ શાંતી છે."

બાલાબહેનની આગેવાની હેઠળ ક્રીકસાઈડના નીવાસીઓ અનેક સ્થળોએ ફરવા જાય છે- નાયગરાથી માંડીને ફ્લોરીડા સુધીના પ્રવાસો બસો બસો આડોશીપાડોશીઓ સાથે યોજાય છે. બબ્બે બસો ભરીને ક્રીકસાઈડના ગુજરાતીઓ પેન્સીલવેનીયાની 'વ્રજભુમી'એ છાશવારે ચક્કર મારે છે.

ક્રીકસાઈડ જાણે કે અચાનક જ ગુજરાતમાં આવી ચડ્યાનો અનુભવ કરાવે છે. ૧૫૨ મકાનોમાં ૨૦૩૨ કુટુંબોનો સમાવેશ થાય છે. એમાં લગભગ એકાદ હજાર તો ગુજરાતી કુટુંબનો આંકડો નીકળે. પ્રત્યેક વ્યક્તીએ પોતાનાં મનમાં વસેલી ગુજરાતની યાદને ક્રીકસાઈડમાં વાસ્તવીક નીરુપણ આપ્યું છે. જુદા જુદા ખુણાઓમાં તમને સુરત, વડોદરા, નડીયાદ, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ કે મુંબઈના ખાર, પાર્લા, શાંતાક્રુઝ, ઘાટકોપરના ભણકારા, હોંકારા, પડકારા સંભળાય અને તમારા સ્મૃતીપટ પર એની યાદો તાજી થાય. તમે ક્રીકસાઈડમાં પ્રવેશો કે તરત જ ઢોકળાં, તુવેરની દાળ, ભીંડાનું શાક, ગરમ ગરમ રોટલી, કઢી, ભજીયાંની સુગંધ તમારા રોમે રોમ ઉભા કરી નાખે, બાપુ, જલસા પડી જાય! ક્રીકસાઈડની અડોઅડ અડીખમ પાથમાર્ક ઉભો છે, ૨૪ કલાક ખુલ્લો! એની બાજુમાં જ દેશી ગ્રોસરી સ્ટોર 'મહાલક્ષ્મી'. સાવ એ જ લાઈનમાં લોન્ડ્રોમેટ અને પાછાં બે ડગલાં ચાલો એટલે ગુજરાત ડેન્ટીસ્ટની ક્લીનીક.

બાળાબહેનની જેમ જ આમ બીજી બાજુ દીનુભાઈ દેસાઈનો દરબાર છે. સીનીયર સીટીઝન પુરુષોની એક મંડળી જુદી છે. દીનુભાઈ, દીનુકાકા કે દીનુદાદાના હુલામણાં નામથી જાણીતા છે. દીનુકાકા અને માસી

આમ તો દીકરા સાથે રહેતાં હતાં, પણ દીકરાની બદલી શીકાગો થતાં દીકરો વહુ શીકાગો ગયાં. સોસીયલ સીક્યોરીટી, મેડીકલ કાર્ડ અને મેડીકલ ટ્રીટમેન્ટના કારણે દીનુભાઈને ફીલામાં રહેવું પડ્યું. મોટી ઉમ્મર, અનેક માંદગીઓ, અંગ્રેજીનું અજ્ઞાન, કાર-વાહનનો ન કોઈ મોખ અને પારકો પરદેશ! દરેક મુંઝવણ, મુશ્કેલીઓ વચ્ચે દીનુકાકા અને માસી ૧૯૯૨માં ક્રીકસાઈડ રહેવાં આવ્યાં. એમના શબ્દોમાં કહું તો, "ક્રીકસાઈડ તો અમારું અયોધ્યા છે.અહીંયાં કોઈ ભય નથી. બારણાં ખુલ્લાં રાખી સુઈ જઈએ છીએ. તમારાં માશીને કેન્સર છે.મને હૃદયની તકલીફ છે. અનેક ઑપરેશનો, હૉસ્પીટલો, ડૉક્ટરો એ બધી મુશ્કેલીઓ વચ્ચે આરામથી જો જીવી શકતાં હોઈએ તો એ ક્રીકસાઈડની હુંફને જ આભારી છે.આડોશીપાડોશીઓ સતત હોંશે મદદ કરે છે. મારું સાચું કુટુંબ ક્રીકસાઈડ જ છે.સાંજે મારી ઉમ્મરના અમે વીસ-પચીસ  ભાઈઓ પાથમાર્કના પાર્કીંગમાં મળીએ છીએ. ત્યારે લોકો હસીને કહે છે કે દીનુકાકા નડીયાદની ભાગોળે ગયા છે. છેલ્લા નવ વર્ષમાં હું ખરા અર્થમાં ગુજરાતી અમેરીકન થઈ ગયો છું."

આમાં ત્રીજી બાજુ નજર ફેરવો તો...જુવાન, ....જીંદગીને સફળતાથી હંફાવતા મધુભાઈ અને પ્રકાશભાઈને મળીને મનમાં થાય કે રંગીન છે, મજેદાર છે, પ્રેમાળ છે, હસમુખા છે,વહાલા લાગે તેવા છે-ટુંકમાં આપણા છે. પ્રકાશ શાહ છેલ્લાં દસ વર્ષથી ક્રીકસાઈડમાં હોંશીલા કાર્યકર છે. એમની 'રામપ્યારી' ગાડીમાં સૌનો સામાન, કબાટો, તીજોરીઓ ઘર ભેગાં થાય છે. પ્રકાશભાઈ બધાને મફત રાઈડ આપે છે. કોઈ દી' કોઈનો એક પૈસો પણ સ્વીકારતા નથી. પ્રકાશભાઈના વહાલા, હુંફાળા, ઉષ્માભર્યા અનુભવોની અસર વ્હાઈટમેનના નામે ઓળખાતા મધુભાઈ ઉપર એવી તો ઉપસી આવી છે કે વ્હાઈટમેન પણ હવે ક્રીકસાઈડના પ્રેમમાં છે. મધુભાઈ છેલ્લાં પાંચ વર્ષથી ક્રીકસાઈડમાં રહે છે. જેમણે ૧૯૮૩થી પોતાની માના મૃત્યુ પછી સફેદ વસ્ત્રો ધારણ કર્યા છે-એમને સફેદાઈનું ભુત એવું ચડ્યું છે કે પુછો ન વાત.  એ વ્હાઈટમેન પર  બીજાં દસ પાનાંનો લેખ લખી શકાય ખરો! ક્રીકસાઈડના લોકો કહે છે કે ક્રીકસાઈડ અમારા માટે ક્રીકસાઈડ છે પણ વ્હાઈટમેન માટે  વ્હાઈટસાઈડ છે.

વ્હાઈટમેનના શબ્દોમાં કહું તો, "હું ક્રીકસાઈડના પ્રેમમાં છું.હું હવે બીજે મકાન લઈ શકું એમ છું, પણ મારે ક્યારેય ક્યાંય નથી જવું. મારા રંગીલા સ્વભાવથી હું સૌનો દોસ્તાર છું. સાંજ પડ્યે મારે ઘરે લગભગ વીસ પચીસ દોસ્તારોનો ડાયરો મળે છે. અમે ચા પાણી કે આઈસક્રીમ ખાઈને ગપ્પા મારીએ છીએ. અમેરીકનોને તો માનસીક ટેન્શનના ઉપાય માટે આવા સપોર્ટ ગ્રુપમાં પૈસા આપી જવું પડે છે. અમારે મફતમાં જલસા જ જલસા છે-અને ઢગલો પ્રેમ અને હુંફ મળે છે. અહીં ઘરની આજુબાજુ જ તમામ વ્યવસ્થા-પાથમાર્ક, ગુજરાતી 'હાકભાજી' વેચતી ઈન્ડીયન ગ્રોસરી, ગુજરાતી બાબરી પાડી આપતો ઈંડીયન હજામ, જીભ કઢાવી ગુજરાતીમાં "આ આ આ" બોલાવી ગળું તપાસતો દાક્તર, આઠ જુદી જુદી જાતનાં ફાસ્ટ ફુડ રેસ્ટોરંટ, મોલ અને ગણ્યા ગણાય નહીં એટલા દોસ્તારો....જીંદગીમાં બીજું શું જોઈએ?"

ક્રીકસાઈડમાં એકલા, મોટી ઉમરના વીધુર પુરુષો અને અમુક એકલી યુવાન સ્ત્રીઓ પોતાનાં બાળકોને આસાનીથી મોટાં કરી શકે છે. ક્રીકસાઈડમાં સહજ મળતી એક બીજાની મદદથી જ આ શક્ય બને.

ક્રીકસાઈડમાં તમારી આવક પ્રમાણે ભાડું ભરવાનું હોય છે. અહીંયા રહેવા આવો એટલે વીસ પચીસ દીવસમાં આજુબાજુમાં આવેલી ફેક્ટરીમાં નોકરી મળી જાય છે. કામે જવા રાઈડની પણ વ્યવસ્થા થઈ જાય છે અને ઉમ્મર પ્રમાણે દોસ્તાર ભાઈબંધ પણ મળી રહે છે. આમ અમેરીકાની અદ્યતન સગવડ સાથે ગુજરાતી પાડોશનું ટોટલ ઈન્ફ્રા-સ્ટ્રક્ચર મળી રહે છે.

મનમાં બે ઘડી ઈર્ષ્યા આવી જાય કે માળું સાળું, ખરા જલસા તો  ક્રીકસાઈડમાં છે!

**--સુચી વ્યાસ**

('ગોપીકા' ફોન્ટમાં અને 'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન કરી આપવા બદલ શ્રી. કીશોરભાઈ રાવળનો હાર્દીક આભાર..ઉત્તમ ગજ્જર)

## સુચી વ્યાસ

### મારો પરીચય :



'હું રાજકોટમાં જન્મી (જુન ૧૩ ૧૯૪૬), ઉછરેલી. ભણી, પરણીને અમેરીકા આવી અને હ્યુમન સર્વીસીઝમાં માસ્ટર્સ કર્યું. ૨૫ વર્ષથી 'ડ્રગ ઍન્ડ આલ્કોહોલ રીહૅબ'માં કામ કરું છું. મોટો શોખ મને ખાખાખીખી, હાહાહીહીનો અને વાતો કરવાનો. ફોન પર માર્કેટીન્ગ કરવાવાળાને પણ થકવી દઉં અને ક્યારેક દોસ્તોય બનાવી દઉં... લોકોને મળવાનો, જમાડવાનો પણ હરખ બહુ અને આવડતી પાંચ સાત વાનગીઓ તો અફલાતુન બનાવું એટલે જયજયકાર થઈ જાય! થોડી વાતોને હમણાં હમણાં લખાણમાં મુકવાનો નાદ લાગ્યો છે.'

'નીજાનંદે મસ્ત સુચી વ્યાસનું શરીર ફીલાડેલ્ફીયામાં અને હૈયું રાજકોટમાં. દેશમાંથી અમેરીકા આવતા કવીઓના લીસ્ટમાં, અમેરીકામાં મુલાકાતનું એક સ્થળ, **સુચી વ્યાસ**નું ઘર પણ હોય જ. ફીલાડેલ્ફીયામાં **સુચી વ્યાસ** એક મળવા જેવું માણસ છે.'...હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક 'સન્ડે ઈ- મહેફીલ ' માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'ચાલતાં ચાલતાં નામજપન'** .

ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૬૦ -- જુલાઈ ૩૦, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

Address:
**Harnish Jani**
4- Pleasant Drive,
**Yardville**
NJ-08620
**USA**
Phone-**609-585-0861**

**EMail :** harnish5@yahoo.com